નવા મુખ્યમંત્રીની નિયુક્તિ પછી ઉત્સાહ !!

જિલ્લાના અનેક ભાજપા કાર્યકરોને વિધાનસભા ચૂંટણીમાં કિસ્મત ખુલવાની આશા : વર્તમાન-પૂર્વ ધારાસભ્યોની ઉંઘ હરામ

બાયડ, તા. ૧૩

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કોઈએ કલ્પ્યુ પણ ન હતું તેવું નામ પસંદ થતાં અનેક કાર્યકરોને હવે મોટી આશા બંધાઈ છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ભાજપાના અનેક કાર્યકરો વેઈટીંગ એમ.એલ.એ.ની કતાર ઉપર છે તેમને હવે કિસ્મત ખુલવાની આશા બંધાઈ છે.

વર્ષ ૨૦૨૨માં ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. ભાજપાને એન્ટી ઈન્કમ્બસીનો ભય સતાવી રહ્યો છે ત્યારે નવા કાર્યકરોને તક આપી જૂના જોગીઓને હાંશિયામાં ધકેલવાથી ભાજપના નિષ્ક્રિય કાર્યકરો ચૂંટણીની કામગીરીમાં ઉત્સાહથી કામ કરે તેવો રવૈયો ભાજપાની થીન્ક ટેન્કનો હોવાનું મનાઈ રહ્યું છે. મુખ્યમંત્રી તરીકે વિજયભાઈ રૂપાણીએ એકાએક રાજીનામુ ધરી દેતાં રાજયના રાજકારણમાં હલચલ મચી..!! નવા મુખ્યમંત્રી કોણ તેની અનેક અટકળો ચાલી... સંભવિત નામોમાંથી કોઈનીય પસંદગી ન કરાઈ અને કોઈનેય સ્વપ્નેય ખ્યાલ નહી હોય એવા અમદાવાદ ઘાટલોડીયાના ધારાસભ્ય ભૂપેન્દ્ર પટેલની ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે નિયુક્તી સાથે જ ભાજપામાં હલચલ મચી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લીધેલા નિર્ણયથી પાયાના કાર્યકરોને હવે અમારી મહેનત દેખાશે તેવી લાગણી અનુભવી રહ્યા છે. આગામી વિધાનસભા ચૂંટણીમાં બાયડ-મોડાસા-ભિલોડા-પ્રાંતિજ-હિંમતનગર-ઈડર-ખેડબ્રહ્મા વિધાનસભા બેઠકમાં અનેક નવા ચહેરાઓને લોટરી લાગી શકે છે. વિધાનસભા ચૂંટણી માટે અત્યારથી ઘૂંઘરા બાંધ્યા છે તેવા અનેક લાલચુ ઉમેદવારો ગઈકાલની મુખ્યમંત્રીની પસંદગી પછી ઉંઘ હરામ થાય તો નવાઈ પામવા જેવું નહી હોય.

કડવા પાટીદાર મુખ્યમંત્રી - ભાજપાને પાટીદાર બેઠકમાં ફાયદાની આશા

"દાદા"ના હુલામણા નામથી જાણીતા ઘાટલોડીયાના ધારાસભ્ય ભૂપેન્દ્ર પટેલ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પદનામીત થતાં પાટીદાર સમાજનો ભાજપા સામેનો ઘણો બધો રોષ ક્રમશઃ શાંત થઈ જશે. કડવા પાટીદાર સમાજમાં મુખ્યમંત્રી બન્યા પછી ભાજપાને જિલ્લાના પાટીદાર બેઠકમાં વધુ ફાયદો થવાની આશા છે. જેમાં પાટીદાર બેઠકમાં સમાવેશ વિધાનસભા બેઠકમાં બાયડ-પ્રાંતિજ-હિંમતનગ-ઈડર અને મોડાસા બેઠક ઉપર ભાજપાને વધુ ફાયદો અને કોંગ્રેસ માટે આગામી ચૂંટણીમાં કપરા ચઢાણની સંભાવના વધી છે.

સુણસરનો ધોધ ખળ ખળ વહેતો થતાં હરખ

વરસાદ બાદ ધોધ સ્થળે પ્રવાસીઓનો ધસારો

સરડોઈ, તા. ૧૩

ચોમાસાના સાર્વત્રિક વરસાદથી પ્રકૃતિ સોળે કળાએ ખિલી ઉઠી છે. ત્યારે ભિલોડા તાલુકાના સુણસર પાસે કુદરતી ધોધ ખળ ખળ વહેતો થતાં પંથકમાં હરખ વ્યાપ્યો છે. વરસાદ બાદ ધોધ સ્થળે આવતા પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે.

કોરોનાનું સંક્રમણ ઘટ્યા પછી પ્રવાસની મોસમ ખિલી છે. મોટા ભાગના પરીવારો શનિ-રવિની રજાઓમાં નજીકના સ્થળોના પ્રવાસે અચુક જતા હોય છે. પૈસા ખર્ચીને દૂર ધોધ જોવા કરતા નજીકમાં ઝરણાં અને કુદરતી વાતાવરણમાં વધુ આનંદ આવતો હોય છે.

હાલમાં અરવલ્લીની ગિરિકંદરાઓ પ્રવાસ માટે મનમોહક બની છે. એમાં બિલોડા તાલુકામાં ધોધમાર વરસાદ વરસ્યા પછી સુણસરના જંગલ વિસ્તારમાં કુદરતી ધોધ વહેતો થતાં પ્રવાસીઓ હરખાઈ ગયા છે. કુદરતી નજરો જોવા સ્થાનિક પ્રવાસીઓની ભીડ ઉમટવા લાગી છે. ચારે તરફ લીલી હરિયાળી અને ખળખળ વહેતા ધોધની ખ્યાતિ દૂર-દૂર સુધી ફેલાઈ છે. જેના કારણે હવે અન્ય જિલ્લામાંથી પણ પ્રકૃતિ પ્રેમીઓ સુણસરનો ધોધ જોવા ઉમટી રહ્યા છે.

ચેક પરત :

હિંમતનગર કોર્ટે આરોપીને ૬ માસની કેદનો હૂકમ કર્યો

બાયડ, તા. ૧૩

હિંમતનગર ચોથા એડીશનલ જ્યુડીશીયલ કોર્ટ દ્વારા ચેક પરત ફરવાના કેસમાં આર.કે.જે. એલજી ગૃપના લીડર રમણસિંહ કાળુસિંહ પરમાર અને લાલસિંહ કાળુસિંહ પરમાર (બન્ને રહે. વક્તાપુર, તા. તલોદ)ને રૂ. ૧,૨૯,૫૦પનો ચેક પરત ફરવાના કેસમાં દોષી ગણી ૬ મહીનાની સાદી કેદની સજા ફટકારતો હૂકમ કર્યો છે.

કોર્ટમાં પ્રત્યક્ષ કાર્યવાહી શરૂ થતાં હવે દોષીતોને ઝડપથી સજા સંભળાવવામાં આવે છે. ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ બેંક, તલોદ શાખા મારફતે જી.એલ.જી. ગૃપના લીડર-ઉપ લીડરને રૂ. ૨ લાખની લોન આપવામાં આવી હતી. લોનના હપ્તા ભરવામાં વિલંબ થતાં આરોપીઓએ બેંકને ચેક આપ્યો હતો. તે ચેક ખાતામાં નાણાંના અભાવે રીટર્ન થતાં સદર કેસ હિંમતનગર કોર્ટમાં ચાલી જતાં આરોપીને દોષિત ગણી કોર્ટે સજા ફટકારી છે. કેસમાં બેંક તરફે એડવોકેટ જીતેન્દ્રભાઈ આર. પટેલ દ્વારા ધારદાર દલીલ કરવામાં આવી હતી.

અરવલ્લી તલાટી કમ મંત્રી મંડળે જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું

ઉકેલ નહી આવે તો જલદ આંદોલનની ચેતવણી

બાયડ, તા. ૧૩

અરવલ્લી જિલ્લા તલાટી કમ મંત્રી મંડળે પોતાની પડતર માંગની રાજ્ય સરકાર દ્વારા થતી સતત ઉપેક્ષાથી રાજ્ય મહામંડળના નિર્દેશ અનુસાર સોમવારે અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારીને આવેદન પત્ર આપી કર્મચારીઓની વ્યથા ઠાલવી માંગનો સરકાર દ્વારા ઉકેલ લાવવા માંગણી કરી છે. ઉકેલ નહી આવે તો જલદ આંદોલનની ચેતવણી આપી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર તલાટી કમ મંત્રીઓની ૯ થી વધુ પડતર માંગ મુદ્દે વારંવાર સરકારમાં રજૂઆત પછી પણ યોગ્ય દિશામાં ઉકેલ ન આવતાં અગાઉથી સરકાર સામે મોરચો માંડવાનો કાર્યક્રમ જાહેર કરાયો છે. અરવલ્લી તલાટી કમ મંત્રીમંડળના પ્રમુખ વિરેન્દ્ર જે. પટેલ, મહામંત્રી ગોપાળ એમ. પટેલ સહીત હોદ્દેદારોએ રાજ્ય મહામંડળની સૂચના અનુસાર તા. ૧૩ ના જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી પડતર પ્રશ્નોના ઉકેલ લાવવા રજૂઆત કરી છે. પડતર માંગનો ઉકેલ નહી આવે તો આગામી કાર્યક્રમો અંગેની જાહેરાત કરાઈ છે. તા. ૧૨ ઓક્ટોબરે રાજયના તમામ તલાટી-મંત્રી ગાંધીનગર સત્યાગ્રહ છાવણીમાં એક દિવસના ધરણા કરવાનો કાર્યક્રમ પણ સુનિશ્ચિત કરાયો છે.

આગામી કાર્યક્રમ જાહેર

જિલ્લા તલાટી કમ મંત્રીએ એસો. દ્વારા પોતાની પડતર માંગ ન સંતોષાતા તા. ૧૩ના રોજ આવેદનપત્ર આપ્યુ છે. સરકાર માંગ નહી સ્વીકારે તો આગામી આંદોલન કાર્યક્રમ જાહેર કર્યો છે જેમાં

● તા. ૨૦ સપ્ટેમ્બર તમામ તલાટી કમ મંત્રી કાળી પટ્ટી ધારણ કરી વિરોધ કરશે. ● તા. ૨૭ સપ્ટેમ્બર તમામ તલાટી કમ મંત્રી ફરજ પર કાળી પટ્ટી ધારણ કરી વિરોધ કરશે. ● ૧ ઓક્ટોબર તમામ તલાટી કમ મંત્રી માસ સી.એલ. મુકી તાલુકા કચેરીએ બેનર સાથે દેખાવ કરશે. ● તા. ૭ ઓક્ટોબરે તમામ તલાટી કમ મંત્રી જિલ્લા પંચાયત કચેરી, મોડાસામાં બેનરો સાથે એક દિવસ ધરણા કરશે. ● તા. ૧૨ સપ્ટેમ્બરે તલાટી કમ મંત્રી ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે એક દિવસના ધરણા પ્રદર્શન કરશે.

છૂટછાટનો દૂરઉપયોગ

સાબરકાંઠા-અરવલ્લીમાં છૂટછાટના દૂર ઉપયોગથી કોરોના વકરવાની પ્રબળ આશંકા

ફરીથી સંક્રમીત દર્દીઓની સંખ્યા વધી - ઢાંકપીછોડ આફત નોતરશે

બાયડ, તા. ૧૩

સાબરકાંઠા-અરવલ્લીમાં તહેવારો સમયે અને હાલ ગણેશ મહોત્સવમાં અપાયેલી સામાન્ય છૂટછાટનો વધુ પ્રમાણમાં દૂર ઉપયોગથી કોરોના વકરવાની પ્રબળ આશંકા વ્યક્ત થઈ છે. ફરીથી સંક્રમીત દર્દીઓની સંખ્યા વધી છે અને ઢાંક પીછોડ શરૂ થતાં આફત નોતરવાની દહેશત વધુ છે.

જિલ્લામાં પાછલા એક સપ્તાહથી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે. આરોગ્યતંત્ર તેને વાઈરલ રોગચાળામાં ખપાવી રહ્યો છે પરંતુ ખાનગી તબીબોનું માનીએ તો જિલ્લામાં કોરોનાની ઉજ્જી લહેરની શરૂઆત થઈ ચૂકી છે. સાબરકાંઠા-અરવલ્લી આરોગ્યતંત્ર ભલે કોરોના અંકુશમાં હોવાના દાવા કરતું હોય પરંતુ બાયડ-મોડાસા-ધનસુરા-પ્રાંતિજ-હિંમતનગર-ભિલોડા-ઈડર-ખેડબ્રહ્મા વિસ્તારમાં શંકાસ્પદ કોરોના દર્દીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે.

કોરોનાના ડેલ્ટા વોરીયર્સમાં ફેરફાર થતાં હવે બિમારીમાં લક્ષણો બદલાઈ રહ્યા છે. એકાએક ઝાડા થવા, ગળુ પકડાઈ જવું સહીતની ફરીયાદો કોરોના સંક્રમીત દર્દીના લક્ષણ હોવાનું જાણવા મળ્યુ છે. જિલ્લામાં વેક્સીનેશન કામગીરીને બીજા ચરણમાં ધારણા-મહેનત પ્રમાણે સફળતા મળતી નથી તે જોતાં લોકો હવે કોરોનાનો ડર ભુલી બિન્દાસ બન્યા છે અને આ બાબત મોટી આફત નોતરી શકે છે. ગણેશ મહોત્સવમાં એકત્ર થતી ભીડ કોરોનાની ઉજ્જી લહેર માટે કારણ બની શકવાની શક્યતા વધી છે.

પૂર્વ મંત્રી રમણલાલ વોરાની ખોટ વર્તાય છે

નવા મુખ્યમંત્રી : સાબરકાંઠા જિલ્લાને મંત્રીપદ પાક્કુ

પ્રાંતિજ-ઈડરના ધારાસભ્યને લોટરી લાગી શકે છે !!

હિંમતનગર, તા. ૧૩

ગુજરાતના નવા મુખ્યમંત્રીની પસંદગીની સાથે નવા મંત્રીમંડળમાં કોને સ્થાન મળશે તેની અટકળો તેજ બની છે. સાબરકાંઠા જિલ્લાને મંત્રી પદ પાક્કુ હોવાનું મનાય છે. તે જોતા પ્રાંતિજ-ઈડરના ધારાસભ્યનો લોટરી લાગી શકે છે. પૂર્વ મંત્રી રમણલાલ વોરાની ખોટ છેલ્લા ૪ વર્ષથી જિલ્લાની પ્રજાને વરતાય છે. તેઓ કેબિનેટ મંત્રી ત્યારબાદ વિધાનસભા ગૃહના અધ્યક્ષ હતા ત્યારે જિલ્લાનો અવાજ સંભળાતો હતો પરંતુ અત્યારે પ્રજા એકલતા અનુભવી રહી છે.

ઈડર વિધાનસભા બેઠક ઉપરથી સતત ૪ ટર્મ સુધી પ્રતિનિધીત્વ કરી રાજ્ય સરકારમાં કેબિનેટ મંત્રી રહેલા પૂર્વ મંત્રી રમણલાલ વોરાએ જિલ્લાના અનેક વિકાસ કામો કરી બૃહદ સાબરકાંઠા જિલ્લામાં આગવું યોગદાન આપ્યું હતું પરંતુ વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં તેમને દસાડા બેઠક ઉપરથી મેદાનમાં ઉતાર્યા અને પરાજય થતાં ત્યાર પછી સાબરકાંઠા જિલ્લામાં કદાવર નેતાની ખોટ સાલી રહી છે. નવા મુખ્યમંત્રી અને જિલ્લામાં પાટીદાર મતનો પ્રભાવ જોતાં સાબરકાંઠા જિલ્લાને નવા મંત્રી મંડળમાં સ્થાન મળી શકે છે. મંત્રીપદ માટે હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્ર ચાવડા રેસમાં છે પરંતુ તેમના વિરોધીઓ વધુ હોવાથી પ્રાંતિજ ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર અને ઈડરના ધારાસભ્ય હિતુ કનોડીયાને લોટરી લાગવાની સંભાવના છે. ભાજપા જો નાયબ મુખ્યમંત્રી તરીકે ઓ.બી.સી.ની નિયુક્તી કરે તો હિંમતનગર કે ઈડરના ધારાસભ્યને મંત્રી પદ મળી શકે છે. ખેંચતાણ થાય તો બોર્ડ-નિગમથી સંતોષ મેળવવો પડશે.

તક્ષશિલા વિદ્યાલય બાયડ ખાતે લાડુ-ડે યોજાયો

બાયડ તા.૧૩

તક્ષશિલા વિદ્યાલય બાયડ અભ્યાસ ની સાથે સાથે વિદ્યાર્થી ના સર્વાંગી વિકાસ માટે અવનવી સહઅભ્યાસિક પ્રવુતિ નું આયોજન કરી વિદ્યાર્થી ઓ ની આંતરિક પ્રતિભા ને વિકસાવવા તાજેતર માં પ્રાથમિક વિભાગ ધ્વારા "લડ્ડું ડે (મોદક) નું આયોજન કર્યું હતું જેમાં વિદ્યાર્થી ઓ પોતાના ઘરે થી વિવિધ આકાર ના સ્વાદિષ્ટ લડ્ડું બનાવી ને લાવ્યા હતા પ્રિન્સિપાલ શ્રીમતી શિલ્પાબેન ચૌહાણ ધ્વારા શાળા ના મેદાન માં ગણપતિ ની મૂર્તિ સમક્ષ આ બધા લડ્ડું પ્રસાદી રૂપે ધરાવી બાળકો માં વિતરણ કર્યું હતું સંસ્થા ના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અતુલભાઈ સાહેબે આવા સુંદર કાર્યક્રમ બદલ સૌ ને અભિનંદન પાઠવ્યા હતા

એસ.એમ. મહેતા આર્ટસ કોમર્સ કોલેજ હિંમતનગર ખાતે હિન્દી ઉત્સવ ઉજવાયો

આઝાદી સંગ્રામમાં સાહિત્ય અને પત્રકારત્વએ જન જાગૃતિમાં પ્રાણ પૂર્યા : પદ્મશ્રી ડો. વિષ્ણુભાઇ પંડ્યા

બાયડ તા.૧૩

ગુજરાત હિન્દી સાહિત્ય અકાદમી ગાંધીનગર તેમજ શ્રી નિમ્બાર્ક શોધ સંસ્થા હિંમતનગર દ્વારા હિન્દી દિવસ નિમિત્તે હિન્દી ઉત્સવ પદ્મશ્રી શ્રી વિષ્ણુભાઇ પંડ્યા ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરની અધ્યક્ષતામાં ઉજવાયો હતો. ભારતની આઝાદીના અમૃત મહોત્સવ વર્ષમાં હિન્દી ઉત્સવની ઉજવણી ધૂમધામથી કરવામાં આવી. જેમાં આપણી રાષ્ટ્રભાષા હિન્દી, હિન્દી સાહિત્ય અને પત્રકારત્વ દ્વારા દેશની આઝાદી સંગ્રામમાં ભજવવામાં આવેલ જનજાગૃતિ અંગે વક્તાઓ દ્વારા વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સમારંભના અધ્યક્ષશ્રી પદ્મશ્રી ડો.વિષ્ણુભાઈ પંડ્યા દ્વારા હિન્દી દિવસ પર યુવાનોને પ્રેરક માર્ગદર્શન કરતા જણાવ્યું હતું કે, ૧૪ સપ્ટેમ્બર ૧૯૪૯ના દિવસે જ્યારે આપણું બંધારણ અમલમાં આવ્યું ત્યારે હિન્દીને રાષ્ટ્રભાષા તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો હતો. પોતાની માતૃભાષા ગુજરાતી સાથે હિન્દી આપણી રાષ્ટ્રભાષા તરીકે ભારતની એકતા અખંડિતતા મજબૂત કરવી એ આજની તાતી જરૂરિયાત છે. ગાંધીજી, સરદાર જેવા મહાન નેતાઓ હિન્દી દ્વારા દેશને એક કર્યો હતો. આજે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી હિન્દી ભાષા દ્વારા સમગ્ર દેશમાં અને વિશ્વમાં એક અલગ ઓળખ ઉભી કરી છે.

સ્વાતંત્ર સંગ્રામમાં પત્રકારત્વ અને સાહિત્યના સુભગસમન્વય દ્વારા મહત્વનો અને ઉત્કૃષ્ટ રહ્યો હતો. આઝાદીના સમયમાં જ્યારે સોશિયલ મીડિયા ન હતુ ત્યારે પત્રિકાઓ અને સમાચાર પત્રો દ્વારા આપણા ક્રાંતિકારી પત્રકારો યુવાનોને જાગૃત કરી રાષ્ટ્ર ભાવનાને જોડવાનું કામ કર્યું હતું.

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં સમાચાર પત્રનું સંપાદન કર્યું હતું તેમજ ભારતમાં આવ્યા પછી પણ તેમણે હરિજન બંધુ, નવજીવન જેવા પત્રો દ્વારા લોકમાનસને ઘડવાનું કામ કર્યું છે.આ પ્રસંગે તેમણે આપણા મહાન ક્રાંતિકારી સપૂતો શ્યામજી કૃષ્ણ વર્મા, છગન ખેરાજ વર્મા, મેડમ કામા, સરદાર ભગતસિંહ, રાજગુરૂ, સુખદેવ જેવા ૬ લાખથી વધુ નામી અનામી વીરોએ દેશની આઝાદીમાં પોતાના પ્રાણોની આહુતી આપી શહિદી વ્હોરી તેમને નમન કરી ભાવાંજલી આપી હતી.

શ્રી અરવિંદકુમાર બી.મછાર નાયબ માહિતી નિયામક હિંમતનગરે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત જણાવ્યું હતું કે ભારતની આઝાદીમાં આપણા જિલ્લામાં પાલ દઢવાવમાં પણ જલીયાવાલા બાગની જેમ આદીવાસી વીરોએ શહાદત વ્હોરી હતી.ત્યાં આજે વીરાંજલી વન અને મોતીલાલ તેજાવતની પ્રતિમા મુકી આદીવાસીઓના બલિદાનને ઉજાગર કર્યું છે.

આ પ્રસંગે નરેશભાઈ લીંબચિયા દ્વારા પોલો ફોરેસ્ટ મંદિરોનું ચિત્ર પ્રદશન યોજાયુ તેમજ ડો. વિનોદ બબ્બર લીખિત રાષ્ટ્ર દેવતા કે અનન્ય સાધક પંડિત દીન દયાલ ઉપાધ્યાય, ઉજાસ કી તલાશ મે અને કનુભાઈ પટેલ લિખીત સરે રાહ ચલતે ચલતે હિંન્દી પુસ્તકોનુ વિમોચન કરવામાં આવ્યું હતું.

આ સમારોહમાં ડો. જયેન્દ્રસિંહ જાદવ ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને વિશેષ વક્તા ડો. વિનોદ બબ્બર (વરિષ્ઠ પત્રકાર, સાહિત્યકાર) નવી દિલ્હીએ પ્રસંગોચીત પ્રવચન કર્યુંહતું. ડો. બળભદ્ર રાઠોડ અધ્યક્ષ અ. ભા. સાહિત્ય પરિષદ ન્યાસ સાબરકાંઠા, ડૉ. ગૌરાંગ શરણ દેવાચાર્ય (બિંદુમાધવ) નિર્દેશક નિમ્બાર્ક શોધ સંસ્થા હિંમતનગર, કોલેજના આચાર્ય શ્રી સોલંકી, ડો.પ્રેમજીભાઈ પટેલ તેમજ કોલેજના અધ્યાપકો અને વિધ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ડો. વિષ્ણુભાઈ પંડ્યાને જન્મદિનની શુભકામના પાઠવી સ્મૃતિ ચિન્હ અર્પણ કરી સન્માનિત કર્યા હતા.

શાંતિકુંજ, હરિદ્વારની સ્થાપના ૫૦ વર્ષ

સાબરકાંઠા-અરવલ્લીમાં શાંતિકુંજના પ્રતિનિધીઓનું આગમન

કોરોનામાં જીવ ગુમાવનાર પરિવારના ત્યાં પહોચી સાંત્વના આપી : સુવર્ણજયંતિ વર્ષ પરંતુ વિરાટ કાર્યક્રમનું આયોજન મોકૂફ

બાયડ, તા. ૧૩

ગાયત્રી તીર્થ, શાંતિકુંજ-હરિદ્વારની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરાં થયા છે. સુવર્ણજયંતિ વર્ષ ચાલી રહ્યુ છે પરંતુ કોરોનાની વૈશ્વિક મહામારી અને અનેક લોકોએ કોરોનામાં જીવ ગુમાવતાં વિરાટ કાર્યક્રમનું આયોજન મોકૂફ રાખી શાંતિકુંજ હરિદ્વારના પ્રતિનિધી દરેક જિલ્લામાં પહોંચી કોરોના મહામારી સામે જજૂમતા જેમણે જીવ ગુમાવ્યા છે તેવા પરીવારને મળી સાંત્વના આપી રહ્યા છે તેમજ સ્થાનિક ગાયત્રી પરિજનોની મુલાકાત કરી ૫૦ વર્ષની ઉજવણી સાદગીપૂર્વક કેમ યોજી તેની વિગતો આપી રહ્યા છે.

રાષ્ટ્ર-પ્રજા સામે કોઈ પણ પડકાર હોય કુદરતી આપદા હોય ત્યારે ગાયત્રી પરિવાર-શાંતિકુંજ હરીદ્વાર એ સાચા અર્થમાં દાયીત્વ નિભાવ્યુ છે. કાળમુખો કોરોના અનેક લોકોને ભરખી ગયો. અનેક પરિવારોમાં શોક છવાયો છે ત્યારે ગાયત્રી તિર્થ-શાંતિકુંજ-હરીદ્વારની સ્થાપનાને ૫૦ વર્ષ થતાં સુવર્ણ જયંતિ વર્ષ પ્રજા-રાષ્ટ્રની પીડા સમજી સાદગીપૂર્વક ઉજવણી કરવાનો નિર્ણય લઈ પ.પૂ. શ્રદ્ધેય ડૉ. પ્રણવ પંડ્યાજીના માર્ગદર્શન હેઠળ દરેક જિલ્લામાં શાંતિકુંજથી પ્રતિનિધી મોકલવામાં આવી રહ્યા છે જે કોરોના સામે જજૂમતા પરિવાર-ગાયત્રી પરિજનો તથા બુદ્ધીજીવીઓની મુલાકાત લઈ રહ્યા છે. તા. ૮ થી ૧૩ સપ્ટેમ્બર દ્વારા પ્રતિનિધીઓએ બાયડ-માલપુર-ધનસુરા-મેઘરજ-મોડાસા તાલુકાની મુલાકાત લઈ કોરોનાથી સ્વજન ગુમાવ્યા તેવા પરિવારને ત્યાં પહોંચી સાંત્વના આપી રહ્યા છે. ગાયત્રી તિર્થ-શાંતિકુંજની સુવર્ણમય જયંતિ અવસરે માનવતાવાદી પહેલની જિલ્લાની પ્રજાએ નોંધ લીધી છે. અરવલ્લી ઉપરાંત સાબરકાંઠા-ગાંધીનગર-મહીસાગર-ખેડા જિલ્લામાં પણ પ્રતિનિધીઓ કોરોનાગ્રસ્ત પરીવારોને મળી રહ્યા છે. બાયડ ગાયત્રી શક્તિપીઠના પરીજનો સાથે શાંતિકુંજના પ્રતિનિધી દ્વારા બાયડ તેમજ તાલુકાના કેટલાક પરિવારોની મુલાકાત લીધી હતી.